# 13. ઉત્પાદન ઉદ્યોગો

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તર લખો:**

**(1) ખાંડ અને ખાંડસરીનાં કારખાનાં ક્યાં સ્થપાયાં છે? શા માટે?**

- ભારતમાં ખાંડ અને ખાંડસરી બનાવવાનાં કારખાના ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, ગુજરાત વગેરે રાજ્યોમાં સ્થપાયા છે.
- ગુજરાતમાં બારડોલી, ગણદેવી, સુરત, નવસારી, સાયણ, વ્યારા, ભરૂચ, કોડિનાર તથા તલાળા ગીર વગેરે સ્થળોએ આ ઉદ્યોગ સ્થપાયો છે.
- શેરડીમાં રહેલા પાણીની માત્રા ઓછી ન થઈ જાય તે માટે શેરડી વાઢ્યા પછી 24 કલાકમાં તેનું પીલાણ કરવું જરૂરી છે, નહિ તો તેમાંથી સમયાંતરે ખાંડનું ઉત્પાદન ઘટી જાય છે.
- આ કારણે ખાંડ અને ખાંડસરીનાં કારખાનાં શેરડી ઉત્પાદન ક્ષેત્રોની નજીકનાં સ્થળોએ જ સ્થાપવામાં આવે છે.

**(2) ભારતના લોખંડ-પોલાદ ઉદ્યોગ વિશે ટૂંક નોંધ લખો.**

- લોખંડ અને પોલાદ ઉદ્યોગ આધુનિક ઔદ્યોગિક અને આર્થિક વિકાસની ધરી સમાન છે.
- તેના ઉત્પાદનમાંથી અન્ય ઉદ્યોગોનાં યંત્રો અને અન્ય સંરચનાનું નિર્માણ થાય છે.
- ભારતનો લોખંડ અને પોલાદનો ઉદ્યોગ ચાવીરૂપી ઉદ્યોગ છે.
- ભારતમાં લોખંડ બનાવવાની પ્રક્રિયા ઘણી પ્રાચીન છે. સીરિયાના દમાસ્કસ શહેરમાં તલવાર બનાવવા માટે લોખંડની આયાત ભારતમાંથી કરવામાં આવતી.
- ભારતમાં આધુનિક રીતે લોખંડ બનાવવાનું પ્રથમ કારખાનું તમિલનાડુમાં પોર્ટોનોવામાં સ્થાપવામાં આવ્યું હતું, પણ કેટલાંક કારણોસર તે બંધ થઈ ગયું. ત્યારપછી પશ્ચિમ બંગાળમાં કુલ્ટી ખાતે કાચા લોખંડનું સફળ ઉત્પાદન થયું.
- 1907માં ઝારખંડના જમશેદપુરમાં કારખાનાની સ્થાપનાથી લોખંડ-પોલાદનું ઉત્પાદન મોટા પાયે થવા લાગ્યું.
- ત્યાર પછી પશ્ચિમ બંગાળમાં બર્નપુર તથા કર્ણાટકમાં ભદ્રાવતી ખાતે લોખંડ-પોલાદનાં કારખાનાં સ્થપાયાં.
- ભિલાઈ, રાઉરકેલા અને દુર્ગાપુરમાં લોખંડ-પોલાદનાં કારખાનાં સ્થપાયાં.
- બોકારો, વિશાખાપટ્ટનમ અને સેલમમાં પણ આધુનિક અને મોટાં કારખાનાં સ્થપાયાં.
- લોખંડ-પોલાદ બનાવવા લોહઅયસ્ક, કોલસો, ચૂનાનો પથ્થર અને મૅંગેનીઝનો કાચા માલ તરીકે વપરાય છે.
- ગુજરાતમાં હજીરા પાસે મીની સ્ટીલ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો છે.
- ટાટા સિવાયનાં ભારતનાં લોખંડ-પોલાદનાં બધાં કારખાનાંનો વહીવટ 'સ્ટીલ ઑથોરીટી ઑફ ઇન્ડિયા લિમિટેડ (SAIL)' હસ્તક છે.
- લોખંડ-પોલાદના ઉત્પાદનમાં વિશ્વમાં ભારતનું સ્થાન પાંચમું છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### (3) ઉદ્યોગોના મહત્ત્વ પર ટૂંક નોંધ લખો.

- આજના યુગમાં રાષ્ટ્રોનું અસ્તિત્વ ઉદ્યોગોના વિકાસ પર જ આધારિત છે.
- આર્થિક વિકાસ તો ઔદ્યોગિક વિકાસ અસંભવ જ થઈ જાય છે.
- ઔદ્યોગિક વિકાસથી દેશની અર્થવ્યવસ્થા ઘણી મજબૂત બને છે. દા. ત. યુ.એસ.એ., રશિયા, જાપાન, દક્ષિણ કોરિયા વગેરે દેશો ઔદ્યોગિક વિકાસ સાધીને સમૃદ્ધ અને વિકસિત દેશો બન્યા છે.
- જે દેશોમાં ઉદ્યોગોનો વિકાસ થયો નથી અથવા ઓછો થયો છે તે દેશો કુદરતી સંસાધનોનો ઉપયોગ ઉદ્યોગોના કાચા માલ તરીકે કરી શકતા નથી.
- એ દેશોએ પોતાનાં કુદરતી સંસાધનોને ઓછા મૂલ્યે વેચીને તે જ કાચા માલમાંથી બનેલી વસ્તુઓ મોંઘા ભાવે વિદેશો પાસેથી ખરીદવી પડે છે. પરિણામે તેઓ ઔદ્યોગિક વિકાસ સાધી શકતા નથી. તેમનો આર્થિક વિકાસ રૂંધાઈ જાય છે.
- ભારતમાં રાષ્ટ્રીય ઉત્પાદનમાં ઉત્પાદનના ઉદ્યોગોનો ફાળો લગભગ 29% જેટલો છે.

### (4) સુતરાઉ કાપડ ઉદ્યોગ વિશે નોંધ લખો.

- ભારતની ઔદ્યોગિક અર્થવ્યવસ્થામાં સુતરાઉ કાપડના ઉદ્યોગનું પ્રમુખ સ્થાન છે.
- તે દેશના લગભગ 3.5 કરોડ લોકોને રોજગારી આપે છે.
- તે દેશમાં સૌથી વધુ રોજગારી આપતો અને ઉત્પાદન કરતો ઉદ્યોગ છે.
- સુતરાઉ કાપડની નિકાસમાં ચીન પછી ભારત દ્વિતીય સ્થાન ધરાવે છે
- ભારતમાં સૌપ્રથમ મુંબઈમાં સુતરાઉ કાપડની મિલ સ્થપાઈ. એ પછી ગુજરાતમાં અમદાવાદમાં શાહપુર મિલ અને કેલિકો મિલ સ્થપાઈ.
- સુતરાઉ કાપડની મિલો શરૂઆતના વર્ષોમાં મુંબઈ અને અમદાવાદ ખાતે સ્થપાઈ, કારણ કે અહીં સસ્તો કપાસ, શ્રમિકોની ઉપલબ્ધિ, પરિવહનની સુવિધા, નિકાસ માટેના બંદરો અને બજારક્ષેત્રની અનુકૂળતા ઉપલબ્ધ હતા. પછીથી આ ઉદ્યોગ વિકસીને અન્ય રાજ્યોમાં પણ ફેલાયો.
- આજે સુતરાઉ કાપડની મિલો દેશનાં લગભગ 100 શહેરોમાં આવેલી છે.
- આજે દેશની મોટા ભાગની મિલો મહારાષ્ટ્ર, ગુજરાત, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં કેન્દ્રિત થયેલી છે.
- મહારાષ્ટ્રમાં મુંબઈમાં સૌથી વધારે મિલો આવેલી છે. તેથી તેને સુતરાઉ કાપડનું 'વિશ્વમહાનગર' કહે છે.
- ગુજરાતના અમદાવાદને 'પૂર્વનું માન્ચેસ્ટર' તથા 'ડેનિમ સિટી ઑફ ઇન્ડિયા' પણ કહે છે.
- આ ઉપરાંત આ ઉદ્યોગનાં અન્ય મહત્ત્વનાં કેન્દ્રો નીચે પ્રમાણે છે:

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | પુણે, ભિવંડી, ઔરંગાબાદ, જલગાંવ, કોલ્હાપુર, સોલાપુર અને નાગપુર |
| ગુજરાત | અમદાવાદ, સુરત, કલોલ, ભરૂચ, પોરબંદર, ભાવનગર, રાજકોટ અને વડોદરા |
| તમિલનાડુ | કોઈમ્બતૂર, ચેન્નઈ અને મદુરાઈ |
| પશ્ચિમ બંગાળ | કોલકાતા, હાવડા, મુર્શિદાબાદ અને શ્રીરામપુર |
| ઉત્તર પ્રદેશ | કાનપુર, આગરા, ઈટાવા અને લખનૌ |
| મધ્ય પ્રદેશ | ગ્વાલિયર, ઇંદોર, ઉજ્જૈન અને દેવાસ |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- રાજસ્થાન, પંજાબ, હરિયાણા વગેરે રાજ્યોમાં પણ સુતરાઉ કાપડનો ઉદ્યોગ વિકસ્યો છે.
- આ ઉદ્યોગના વિકેન્દ્રીકરણમાં નોંધપાત્ર યોગદાન કરનારા પરિબળો નીચે મુજબ છે:
  - → વ્યાપક બજાર ક્ષેત્ર
  - → પરિવાહનની સુવિધા
  - → બેંક દ્વારા મળતી સુવિધા
  - → વિદ્યુત પુરવઠની સુવિધા
- આજે કાપડ ઉદ્યોગ નીચે પ્રમાણેની સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે:
  - → ઉત્તમ પ્રકારના કપાસની અછત
  - → જૂનાં યંત્રોનો વપરાશ
  - → અનિયમિત વિદ્યુતપુરવઠો
  - → કૃત્રિમ રેસાના કાપડની સ્પર્ધા
  - → વૈશ્વિક બજારમાં તીવ્ર સ્પર્ધા
- ભારત રશિયા, યુ.કે., યુ.એસ.એ., સુદાન, નેપાળ, ઑસ્ટ્રેલિયા, ફ્રાન્સ અને દક્ષિણ આફ્રિકા વગેરે દેશોમાં સુતરાઉ કાપડની નિકાસ કરે છે.

## પ્રશ્ન 2: નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો:

### (1) પર્યાવણીય અતિક્રમણને રોકવાના ઉપાયો લખો.

- કુદરતી અને માનવસર્જિત કારણોને લીધે પર્યાવરણની ગુણવત્તામાં ઘટાડો થવાની ઘટનાને 'પર્યાવરણીય અતિક્રમણ' કહે છે.
- પર્યાવરણીય અતિક્રમણને રોકવાના ઉપાયો:
  - → **દેશનો વિકાસનું થાય પણ સાથે પર્યાવરણનો વિનાશ ન થાય તે ધ્યાન રાખવું જોઈએ.**
  - → **ઔદ્યોગિક** વિકાસનું યોગ્ય આયોજન કરી વિવિધ પ્રકારનાં પ્રદૂષણની માત્રા ઘટાડી શકાય.
  - → **ઉપકરણોની ગુણવત્તા અને ઈંધણની યોગ્ય પસંદગી દ્વારા** પ્રદૂષણ ઓછું કરી શકાય છે.
  - → હવામાં ઉત્સર્જિત થતા પ્રદૂષકોને ફિલ્ટર, સ્ક્રબર અને પ્રેસિપિટેટર દ્વારા નિયંત્રિત કરી શકાય.
  - → ઉદ્યોગોના પ્રદૂષિત પાણીને વિવિધ પ્રક્રિયાઓ દ્વારા શુદ્ધ કરી તેને નદીમાં છોડવા યોગ્ય બનાવી શકાય છે.
  - → ધ્વનિપ્રદૂષણ ઓછું કરવા માટે ઔદ્યોગિક એકમોએ પોતાની જૂની મશીનરીનું યોગ્ય સમારકામ કરાવવું જોઈએ અને પરિવહન માટેનાં વાહનોના જૂના એન્જિન બદલવા જોઈએ.
  - → ભૂમિપ્રદૂષણ ઓછું કરવા માટે ઔદ્યોગિક એકમોએ પોતાનો ઘન અને પ્રવાહી કચરો જમીન પર ઠાલવવો જોઈએ નહિ.

### (2) ઉદ્યોગોનું વર્ગીકરણ વર્ણવો.

- ઉદ્યોગોને શ્રમિકોની સંખ્યા, માલિકીનું ધોરણ અને કાચા માલના સ્રોતના આધારે કેટલાંક જૂથમાં વહેંચવામાં આવે છે.
- [A] શ્રમિકોની સંખ્યાના આધારે ઉદ્યોગોના 2 પ્રકાર :
  1. મોટા પાયા પરના ઉદ્યોગો: જે ઉદ્યોગોમાં વધુ રોજગારી મળે તેને મોટા પાયા પરના ઉદ્યોગો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કહે છે. દા. ત., સુતરાઉ કાપડ ઉદ્યોગ.

2. નાના પાયા પરના ઉદ્યોગો: જે ઉદ્યોગો કોઈ વિશેષ વ્યક્તિના માલિકીપણા હેઠળના સંચાલનમાં હોય અને આવા ઉદ્યોગોમાં શ્રમિકોની સંખ્યા ઓછી હોય તેને નાના પાયા પરના ઉદ્યોગો કહે છે. દા. ત., ખાંડસરી ઉદ્યોગ.

- [B] માલિકીના આધારે 4 પ્રકાર :
  1. ખાનગી ઉદ્યોગો
  2. જાહેર ઉદ્યોગો
  3. સંયુક્ત ઉદ્યોગો
  4. સહકારી ઉદ્યોગો

- [C] કાચા માલના સ્રોતના આધારે 2 પ્રકાર:
  1. કૃષિ-આધારિત ઉદ્યોગો
  2. ખનીજ-આધારિત ઉદ્યોગો

## પ્રશ્ન 3: નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો:

### 1) ભારતમાં જહાજ બાંધવાનાં મુખ્ય કેન્દ્રો કેટલાં છે? તે ક્યાં આવેલાં છે?

- ભારતમાં જહાજ બાંધવાનાં મુખ્ય 5 કેન્દ્રો છે.
- તે નીચેના સ્થળોએ આવેલાં છે:

(1) વિશાખાપટ્નમ

(2) કોલકાતા

(3) રાંચી

(4) મુંબઈ

(5) માર્માગોવા

### 2) સિમેન્ટ બનાવવા માટે કયા કાચા માલની જરૂર પડે?

- સિમેન્ટ બનાવવા માટે ચૂનાનો પથ્થર, કોલસો, ચિરોડી, બોક્સાઇટ અને ચીકણી માટી કાચા માલ તરીકે વપરાય છે.

### 3) ગુજરાતના રાસાયણિક ખાતરોના ઉદ્યોગો ક્યાં સ્થાપિત થયેલા છે?

- ગુજરાતમાં રાસાયણિક ખાતરોના ઉદ્યોગો કલોલ, કંડલા, ભરૂચ, હજીરા, વડોદરા વગેરે સ્થળોએ સ્થાપિત થયેલા છે.

### 4) ગુજરાતના કાગળ ઉદ્યોગનાં ચાર કેન્દ્ર જણાવો.

- ગુજરાતમાં કાગળ ઉદ્યોગનાં કેન્દ્રો : અમદાવાદ, રાજકોટ, સુરત, વાપી, વલસાડ અને વડોદરા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પ્રશ્ન 4: દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો:

**(1) નીચેનાં નગરોમાંથી કયા નગરને 'સુતરાઉ કાપડનું વિશ્વમહાનગર' કહે છે?**

(A) ઇંદોર

(B) મુંબઈ

(C) અમદાવાદ

(D) નાગપુર

**(2) વિશ્વમાં શણની નિકાસમાં ભારતનો ક્રમ કયો છે?**

(A) દ્વિતીય

(B) પ્રથમ

(C) તૃતીય

(D) એક પણ નહિ

**(3) ભારતનું કયું નગર 'સિલિકોન વેલી' તરીકે જાણીતું બન્યું છે?**

(A) દિલ્લી

(B) બેંગાલુરુ

(C) જયપુર

(D) નાગપુર

**(4) ગુજરાતમાં મીની સ્ટીલ પ્લાન્ટ ક્યાં પ્રસ્થાપિત થયો છે?**

(A) કંડલા

(B) ઓખા

(C) દ્વારકા

(D) હજીરા

**(5) કયું જોડકું ખોટું છે?**

(A) બંગાળ – કુલ્ટી

(B) ઝારખંડ-જમશેદપુર

(C) કર્ણાટક – ભદ્રાવતી

(D) આંધ્રપ્રદેશ – બર્નપુર

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in